


# દ્વારકાધીશ મંદિરે ભીડનો લાભ લઈ મહિલાનું ગળું હળવું કરતી અજાણી મહિલા

## બે તોલાનો સોનાનો ચેન આંચકી રફુચક્કર થઈ જતા પોલીસ દોડતી થઈ

દ્વારકા : દ્વારકા શહેરમાં ભગવાન શ્રી દ્વારકાધીશના મંદિરના દરવાજા પાસેથી કોઈ અજાણી મહિલા શિવરાજપુર ગામેથી દર્શનાર્થે આવેલ મહિલાના ગળામાંથી સોનાનો ચેન આંચકી લઈ જતા ખળભળાટ મચી ગયો છે. આ બનાવની મહિલા દ્વારા સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે સીસી ટીવી કેમેરા સહિતની મદદથી ચોરીનો ભેદ ઉકેલવા કમ્મર કસી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના શિવરાજપુર ગામે રહેતા ભક્તિબેન ગજુભા હાથલ નામના મહિલા દ્વારકાધીશ મંદિર ખાતે દર્શનાર્થે આવેલ હોય અને તેઓ મંદિરના પૂર્વ દરવાજા પાસે હતા આ વેળાએ કોઈ અજાણી મહિલા તેઓના ગળામાં પહેરેલ રૂપિયા ૨.૪૦ લાખના કિંમતનો આશરે બે તોલાનો સોનાનો ચેન આંચકી લઈ જતા અને તેઓએ સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે દોડી જઈ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસી ટીવી કેમેરા સહિત હ્યુમન સોર્સ અને ટેકનોલોજીની મદદથી તપાસ હાથ ધરી અજાણી મહિલાની શોધખોળ આરંભી છે.

# લાલપુરમાં ભરબજારે દારૂ ઢીંચી વાણી વિલાસ કરતા શખ્સનો વિડિયો વાયરલ, પોલીસની આબરૂ ધૂળધાણી

જામનગર : જામનગર શહેર ઉપરાંત જિલ્લાભરમાં આમ તો છાને ખૂણે અનેક સ્થળોએ દેશી અને અંગ્રેજી દારૂનું બેફામ વેચાણ થાય તેવા લોકો આક્ષેપ કરે છે. જેના બોલતા પુરાવા સમાન વિડિયો પણ સમયાંતરે સામે આવતા હોય છે. તેવામાં અગાઉ જામજોધપુર અને ત્યારબાદ કાલાવડ પછી હવે લાલપુરમાં દારૂનું વેચાણ અને સેવન થતું હોવાનો દાવો કરતો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લાલપુર પોલીસની આબરૂ ધુળ ધાણી થઈ છે અને જિલ્લામાં દારૂના કડક અમલવાસીની વાતો વચ્ચે પણ સો મણનો સવાલ ઊભો થયો છે.


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરના લાલપુરમાં અનેક વખત દારૂનું ખૂલેઆમ વેચાણ થતું હોવાના આરોપો લાગે છે. લાલપુરમાં જ બેફામ દારૂ ઢીચી ભરબજારે ડિંગલ કરતા શખ્સોનો અનેક વખત વીડિયો વાયરલ થયો છે. આવો જ એક વિડીયો ગઈકાલથી સોશિયલ મીડિયામાં આગની જેમ વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક શખ્સ ધોળા દિવસે ભરબજારે દેશી દારૂની કોથળીઓ સાથે દેખાઈ રહ્યો છે. એટલું જ નહી દારૂના નશામાં ધૂત આ શખ્સ પોલીસના સહેજ પણ ડર વગર ખુલ્લેઆમ દારૂનું સેવન પણ કરતો નજરે પડે છે.

આટલાથી ન અટકી વીડિયોમાં દશ્યમાન થતો શખ્સ પોલીસને પણ પડકાર ફેંકી ખુલ્લેઆમ પોલીસના અસ્તિત્વ સામે સવાલ ઉઠાવી રહ્યો છે.

આ વિડીયો લાલપુર શહેરનો હોવાનો દાવા સાથે જાગૃત નાગરિકે વિડિયો બનાવી લાલપુર શહેરની સમગ્ર સ્થિતિનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું હતું. દારૂના આ વકરતા દુષણ વચ્ચે પોલીસની નિષ્ક્રિયતા જવાબદાર હોવાના લોકો આરોપ લગાવી રહ્યાં છે.

# કાલાવડમાં કોલેજીયન યુવતીનો ભણતરની ચિંતામાં ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ ટાઉનમાં ટોડા સોસાયટીમાં રહેતી એક કોલેજીયન યુવતિએ પોતાના ભણતરના ટેન્શનમાં આવી જઈ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે. જ્યારે આ બનાવને લઈ મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

આ બનાવની વિગત એવી છે કે કાલાવડમાં ટોડા સોસાયટીમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી રાધિકાબેન રાજેશભાઈ બાબરીયા નાની ૨૦ વર્ષની કોલેજીયન યુવતીએ ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળાફાસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતી, જ્યાં ફરજ પરના તબીબે તેણીનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા રાજેશભાઈ પ્રેમજીભાઈ બાબરીયાએ પોલીસને જાણ કરતા કાલાવડ ટાઉન ના એએસઆઈ વીડી ઝાપડીયા બનાવના સ્થળે અને ત્યારબાદ સરકારી હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, જ્યાં રાધિકાબેનના મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક કોલેજીયન યુવતી કે જે અભ્યાસ બાબતે ખૂબ જ ચિંતા કરતી હતી, અને તેના કારણે બીપીની તકલીફ પણ થઈ ગઈ હતી. તેણીએ ભણવાની ચિંતામાં ગળાફાંસો ખાઈ લીધો હોવાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.

